## 2015ના ભૂકંપમાં ધરહરા ટાવર ધરાશાયી થયો હતો

# નેપાળના હેરિટેજ ધરહરા ટાવરનું પુનઃનિર્માણ વડોદરાની કંપની કરશે

## ધરહરાને યુનેસ્કોએ ઐતિહાસિક ધરોહર તરીકે જાહેર કરી હતી



નેપાળના ટાવરનું પુનર્નિર્માણ શરૂ

બિઝનેસ રિપોર્ટર | વડોદરા

નેપાળમાં 2015ના ભુકંપમાં યુનેસ્કો દ્વારા માન્ય ઐતિહાસીક ધરહરા(ભીમસેન ટાવર) ધરાશાયી થયું હતું. વડોદરાની કે.વાય.બી.કોનમેટ પ્રા.લિના પ્લાન્ટના તોરા બેચીંગ પ્લાન્ટ દ્વારા નેપાળની ઐતિહાસીક ધરોહરના પુનઃનિર્માણનું કામ શરૂ કરાયું છે.

નેપાળમાં આવેલી ધરહરાને યુનેસ્કો દ્વારા ઔતિહાસીક ધરોહર તરીકે જાહેર કરાઈ હતી .ધરહરાને ભીમસેન ટાવર તરીકે પણ ઓળખાય છે. ધરોહર મીણબત્તી જેવા આકારનું અને છત ધરાવતું સ્ટ્રક્ચર હતું.નેપાળમાં વર્ષ 2015 માં આવેલા ભુકંપને પગલે ભારે તારાજી સર્જાઇ હતી. ભુકંપમાં ભીમસેન ટાવર ધરાશાયી થયું હતું અને ઐતિહાસીક ધરોહર જમીનદોસ્ત બની હતી.ભીમસેન ટાવર જમીનદોસ્ત થતા હજારોની સંખ્યામાં પ્રવાસીઓ તેના કાટમાળ નીચે દબાઈને મૃત્યુ પામ્યા હતા.ભુકંપ બાદ નેપાળની સરકાર દ્વારા ઐતિહાસીક ધરહરાના પુનઃનિર્માણનો સંકલ્પ કર્યો હતો અને 2016 માં તે અંગેની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.વડોદરાની જાણીતી કંપની કે.વાય.બી કોનમેટ પ્રાઈવેટ લિ.ના તોરા બેચીંગ પ્લાન્ટની મદદથી ઐતિહાસીક ભીસમેન ટાવરને પુનઃ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.કંપનીના એમ.ડી. પ્રેમરાજ કશ્યેપ દ્વારા જણાવાયું હતું કે, ભમસેન ટાવર આંતરરાષ્ટ્રીય કક્ષાનો અને સુંદર આર્કિટેક્ચરલ ડિઝાઇન ધરાવતો પ્રોજેક્ટ છે.તેના પુનઃનિર્માણની પ્રક્રિયાનો ભાગ હોવું ગર્વની વાત છે.